Pocika Fire & Safety Products LLP is your trusted partner for Fire Protection, Industrial Safety, PPE & Workplace Safety Solutions.

Handicap people are also encouraged to apply.

Prefer Industry: Fire & Safety, Industrial Products, Industrial Automation, Building Material, Hardware and sanitary, Chemical, Tiles and Laminate

Position Name	Experience
Business Development Executive	2-5 yrs.
Sales Coordinator	2-5 yrs. (Freshers can also apply)
Project Head	5+ yrs.
Project Supervisor	2-5 yrs. (Freshers can also apply)
Digital Marketing	1-3 yrs. (Freshers can also apply)
Draft Designer	1-3 yrs. (Freshers can also apply)
Back Office Executive	1-3 yrs. (Freshers can also apply)
Electrical Technician	1-3 yrs. (Freshers can also apply)
Maintenance	1-3 yrs. (Freshers can also apply)
Liaisoning Department	2-5 yrs. (Freshers can also apply)
Office Cleaning Staff Boys / Girls	

Locations : Surat, Valsad/ Vapi, Bharuch/ Ankleshwar, Bardoli

POCIKA
FIRE & SAFETY PRODUCTS LLP

WALK-IN INTERVIEW - DATE : 17, 18 & 19th July 2026
TIME : 10:00 AM to 05:00 PM (Bring your CV)

ADD. : G-53/54, AVADH Arena, VIP Road, Nr. Shyambaba Temple, Opp. Marvella Coridoor, Vesu, Surat, Gujarat 395007 M. 63588 49271 E Mail ID - hr@pocikafireandsafety.com

ડિંડોલીમાં લક્ઝુરિયસ સોસાયટીના ઘરમાં ચાલતું ગાંજાનું વેચાણ ઝડપાયુ

પોલીસે પ્રિયંકા ન્યૂ સિટી-રમાં દરોડો પાડી આધેડને ૩.૫ કિલો ગાંજા સાથે દબોચ્યો

સુરતઃ ડિંડોલી પોલીસ સ્ટેશનના સ્ટાફે ગઈકાલે સાંજે બાતમીના આધારે પ્રિયંકા ન્યૂ સિટી-૨ સોસાયટીમાં આવેલા એક મકાનમાં સપાટો બોલાવ્યો હતો. પોલીસના આ દરોડા દરમિયાન મકાનમાંથી ગેરકાયદે રીતે છુપાવી રાખવામાં આવેલો ૩.૪૯૭ કિલો વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી એક આરોપીની ધરપકડ કરી કુલ રૂ.૨,૦૨,૫૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જ્યારે આ નેટવર્ક પાછળના મુખ્ય સૂત્રધાર એવા વોન્ટેડ આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. ડિંડોલી પોલીસને બાતમી મળી હતી કે કરાડવા રોડ પર આવેલી પ્રિયંકા ન્યૂ સિટી-૨ના મકાન નં.૩૫૨-૩૫૩માં માદક પદાર્થનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. જેના આધારે પોલીસે સાંજે ૧૬:૧૦ વાગ્યાથી રાત્રિના ૨૦:૩૦ વાગ્યા સુધી સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસ તપાસમાં મકાનમાંથી રૂ.૧,૭૪,૮૫૦ની કિંમતનો ૩.૪૯૭ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. આ ઉપરાંત નશાના છૂટક વેચાણ માટે રાખવામાં આવેલો એક વજન કાંટો (કિં.રૂ.૨૦૦), ગ્રાહકોને પડીકીઓ બનાવી આપવા માટે રાખેલી ૧૭૬ નંગ પ્લાસ્ટિકની ખાલી પન્નીઓ, રોકડા રૂ.૨,૫૦૦, ૨૫ હજારની કિંમતનો એક મોબાઈલ ફોન અને ઘરનું લાઈટબિલ વગેરે મળી કુલ રૂ.૨,૦૨,૫૫૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. આ ગુનામાં પોલીસે ઘટના સ્થળેથી મૂળ જલગાંવ (મહારાષ્ટ્ર)ના અને હાલ ડિંડોલી રહેતા ૪૩ વર્ષીય દિલીપ શાલીગ્રામ સોનવણેની ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછમાં બહાર આવ્યું છે કે, આ ગાંજાનો જથ્થો તેને 'મહાકાલ ગેરેજ' ચલાવતા ગોપાલ ભગત નામના શખ્સે સપ્લાય કર્યો હતો. ડિંડોલી પોલીસે આ મામલે બંને આરોપી વિરુદ્ધ NDPS (નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીસ) અધિનિયમની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ હાલ વોન્ટેડ આરોપી ગોપાલ ભગતનું પૂરું સરનામું મેળવવા અને સુરતમાં આ ડ્રગ્સ નેટવર્કના અન્ય તાર ક્યાં જોડાયેલા છે તે દિશામાં તપાસ ચલાવી રહી છે.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વોને આ જાહેર નોટીસથી જણાવવાનું કે ડીસ્ટ્રીક્ટ સુરત સબ-ડીસ્ટ્રીક્ટ માંગરોલના મોજે ગામ ભાટકોલની સીમમાં આવેલ રે.સર્વે નં. ૯૮/૧, બ્લોક નં. ૧૧૫ (પ્રમોલગેશન થયા બાદનો નવો બ્લોક નં. ૧૪૬) વાળી બિનખેતી થયેલ જમીન જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે. ૦-૧૧-૫૨ ચો.મી. વાળી મિલકત ના માલીક શાહનવાઝખાન શમશેરખાન પઠાણ નાઓએ ચોખ્ખા તેમજ ટાઈટલ કલીયર, બોજા મુક્ત તથા તેમની સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી મારા અસીલને વેચાણથી આપવા નક્કી કરેલ છે. જેથી સદર જમીનમાં કોઈ વ્યક્તિ, સંસ્થા, મંડળી, બેંકનો લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો, દર-દાવો, જપ્તી, લેણું અગર કોઈનું સોદાચીઠ્ઠી, સાટાખત, ખોરાકી, વારસાઈ હકકો, ઈઝમેન્ટ, રાઈટસ યા અન્ય કોઈપણ પ્રકારના હકકો, દાવા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં લેખીતમાં વિગતવાર પુરાવા સહીત અમોને રૂબરૂમાં જાણ કરવી. તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદર જમીનમાં કોઈના હકક-હિત સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે મારા અસીલની તરફેણમાં જતા કર્યા છે યાને ''વેઈવ'' કરેલા છે. તેમ માની મુદત વિત્યેથી પુરેપુરા વેચાણ અવેજની રકમ ચુકવી મારા અસીલ તેઓના લાભમાં ઉપરોકત માલીક પાસેથી મજકુર મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તેમજ પાકા લખાણો કરાવી લેશે અને મુદત વિત્યેથી ભવિષ્યમાં કોઈની તર-તકરાર યા વાંધો ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારી મારફત આસીફ એ. શેખ તે ખરીદનારના **એડવોકેટ**
ઓફીસ : સી-૩, સંજર સ્કવેર, કિમ ચાર રસ્તા, પાલોદ, તા. માંગરોળ, જી. સુરત. મો. ૯૯૭૮૬ ૯૨૧૮૩

-:: જાહેર નોટીસ ::-

આથી આ જાહેર નોટીસથી જાહેર જનતાને જણાવવાનું કે, અમારા અસીલ એ મોજે ગામ : ટકારમાં, તા. ઓલપાડ, જી. સુરતના રે.સ.નંબર : ૧૮/૧૧૯, બ્લોક નંબર : ૬૨/બ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ : હે.આરે. ૪-૦૦-૬૪ ચો.મીટર છે. જેનો આકાર ગ્રા. ૫૨-૨૩ પૈસા છે. તે ખેતીની જમીન પૈકી દક્ષિણ દિશા તરફની હે.આરે. ૧-૧૯-૩૫ ચો.મીટર યાને ૧૧૯૩૫.૦૦ ચો.મીટર જમીન ખરીદ કરવા સોદો કરેલ છે. ઉપરોક્ત જમીનના માલીક નામે (૧) પ્રવિણચંદ્ર ઈશ્વરલાલ પટેલ તથા (૨) સુધાબેન પ્રવિણચંદ્ર પટેલએ મજકુર ખેતીની જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણથી આપવા સોદો કરેલ છે. તો મજકુર જમીન સંબંધે કોઈ ત્રાહીત વ્યક્તિ, સંસ્થા, બેંક કે મંડળીનો કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, દર - દાવો, બોજો કે અન્ય કોઈ લખાણો હોય તો દિવસ સાત (7)માં અમારા નીચે જણાવેલ સરનામે પુરાવા સાથે રૂબરૂ સંપર્ક કરવો. અન્યથા મુદત વિત્યે કોઈનો કોઈપણ જાતનો હક્ક હિસ્સો નથી અને છે તો જતો કરેલ છે તેમ માની અમારા અસીલ મુદતે કિંમત ચુકતે કરી મજકુર જમીનનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ઉપરોક્ત માલીકો પાસેથી તેમના નામ જોગ કરાવી લેશે. જેની આથી સર્વે જાહેર જનતાએ ગંભીરતાથી નોંધ લેવી.

નિલેશકુમાર આઈ. પટેલ (એડવોકેટ) તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ :- બી/209, યશ પ્લાઝા, વરાછા મેઈન રોડ, સુરત. મો. નં. ૯૯૯૮૦૦૬૨૩૯

બૅંક ઑફ બરોડા Bank of Baroda
મોસાલી શાખા : પો. તા. માંગરોલ, જી.સુરત –૩૯૪૪૨૧
E-Mail Id : mosali@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)
[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧)હેઠળ]

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૫.૦૪.૨૦૨૪** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી સવજીભાઈ ખાસટીયા (દેવાદાર) અને શ્રીમતી નીરૂબેન ખાસટીયા (સહ દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૯,૧૭,૬૭૨.૪૩ (અંકે રૂપિયા નવ લાખ સત્તર હજાર છસો બોત્તેર અને તેતાલીસ પૈસા પુરા)** વધારાનું **વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એકટની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૧મી જુલાઈ સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.(આ મિલકત નું ઈ–હરાજી માં વેચાણ થઈ ગયુ હોવાથી આ કલમ લાગુ પડતી નથી)

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૦,૨૦,૯૪૫.૫૯** વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ ચુકવણી સુધીના ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ હક, હિત અને સબંધ ધરાવતી મિલકત કે જે રૂદ્રાક્ષ રેસીડન્સી નો પ્લોટ નં. ૨૩૦, રેવન્યુ સર્વે નં. ૩૫૧/૧, બ્લોક નં. ૩૬૭, કારેલી – ગંગાધરા રોડ, કારેલી, તા. પલસાણા, સુરત– ૩૯૪૩૦૫ ખાતે આવેલ છે. **જેની ચર્તુદિશા : પુર્વ તરફ** : પ્લોટ નં. ૨૭૭, **પશ્ચિમ તરફ** : રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૨૨૮, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૨૩૧.

તા. ૧૨.૦૭.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, હની પાર્ક રોડ શાખા

બૅંક ઑફ બડૌદા Bank of Baroda
હની પાર્ક રોડ શાખા સુરત : ૩, શિવાલીક વેસ્ટર્ન,એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત–૩૯૫૦૦૯, ગુજરાત. ફોન : ૦૨૬૧–૨૭૪૬૬૭
email id :honeyp@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨] ના(રૂલ ૮(૧) હેઠળ)

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૪.૦૮.૨૦૨૨** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી કરણસીંગ અગ્રી (દેવાદાર), શ્રીમતી કમલા કરણસીંગ અગ્રી (સહદેવાદાર), શ્રી વિક્રમપ્રતાપ કામી (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૦,૨૦,૯૪૫.૫૯/– (રૂપિયા દસ લાખ વીસ હજાર નવસો પીસ્તાલીસ અને ઓગણસાઈઠ પૈસા પુરા) + વ્યાજ અને તેના ઉપર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૨મી જુલાઈ સને ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૦,૨૦,૯૪૫.૫૯** વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ ચુકવણી સુધીના ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ હક, હિત અને સબંધ ધરાવતી મિલકત કે જે રૂદ્રાક્ષ રેસીડન્સી નો પ્લોટ નં. ૨૩૦, રેવન્યુ સર્વે નં. ૩૫૧/૧, બ્લોક નં. ૩૬૭, કારેલી – ગંગાધરા રોડ, કારેલી, તા. પલસાણા, સુરત– ૩૯૪૩૦૫ ખાતે આવેલ છે. **જેની ચર્તુદિશા : પુર્વ તરફ** : પ્લોટ નં. ૨૭૭, **પશ્ચિમ તરફ** : રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૨૨૮, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૨૩૧.

તા. ૧૨.૦૭.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, હની પાર્ક રોડ શાખા

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા Central Bank of India
અલથાણ શાખા : દુકાન નં. જીર અને જી૩, ઈકો કુટઝ, ન્યુ સિટી લાઈટ રોડ, સુરત.
E mail: bmsura5082@centralbank.co.in

પઝેશન નોટીસ

પરિશિષ્ટ-૪, નિયમ-૮(૧) (સ્થાવર મિલકત માટે)

આથી, નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા, અલથાણ શાખા, સુરત**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે ધી સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૨૨.૦૭.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા **કરજદાર/સહ–કરજદાર શ્રી અશોકભાઈ જીવરાજભાઈ ગંગાણી (કરજદાર) અને શ્રીમતી મમતાબેન અશોકભાઈ ગંગાણી (સહ-કરજદાર)**ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૨૦,૬૬,૨૦૭.૫૨/- (રૂા. વીસ લાખ છાસઠ હજાર બસો સાત અને બાવન પૈસા પુરા)** (તા. ૨૨.૦૭.૨૦૨૫ થી બાકી લ્હેણાં), લોન એકાઉન્ટ નં. ૩૦૬૪૪૧૪૩૩૫, ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાએ રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા પેટા કલમ (૪) અને કલમ ૧૩ તથા નિયમ ૮ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૧૨.૦૭.૨૦૨૬**ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા** ના બાકી લેણા **રૂા. ૨૦,૬૬,૨૦૭.૫૨/- (રૂા. વીસ લાખ છાસઠ હજાર બસો સાત અને બાવન પૈસા પુરા)** લોન એકાઉન્ટ નં. ૩૦૬૪૪૧૪૩૩૫, તા. ૨૨.૦૭.૨૦૨૫ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરૂષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતની વિગત

પાસ થયેલ પ્લાન મુજબ પ્લોટ નં. ૩૬૪, (પ્લાન મુજબ પ્લોટ નં. બી/૩૬૪), સંળગ જમીનનો ક્ષેત્રફળ ૯૨.૮૯ સ્કે. યાર્ડ યાને કે ૭૭.૫૯ સ્કે. મીટર, શ્રી રૂદ્ર રેસીડેન્સી ના નામથી જાણીતી હાઉસિંગ એસ્ટેટ, જે જમીનનો બ્લોક નં. ૨૪૨ (આર.એસ. નં. ૨૮૭, ૨૯૧/૧, ૨૮૮, ૨૯૨, ૨૯૩ અને ૨૯૪૦, ક્ષેત્રફળ ૯૯૪૫૬ સ્કે. મીટર, બિન ખેતીલાયક જમીન, ગામ–શેખપુર, તાલુકા–કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● પુર્વે : સોસાયટી ઈન્ટરનલ રોડ થી લાગુ ● પશ્ચિમે : પ્લોટ નં. ૩૫૫ થી લાગુ ● ઉત્તરે : પ્લોટ નં. ૩૬૫ થી લાગુ ● દક્ષિણે : પ્લોટ નં. ૩૬૩ થી લાગુ

સહી/-
તારીખ : ૧૨.૦૭.૨૦૨૬ — અધિકૃત અધિકારી,
સ્થળ : શેખપુર, કામરેજ — સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા

જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીક્ટ ચોર્યાસી સબ ડિસ્ટ્રીક્ટ શહેર સુરતનાં મોજે ઉમરાનાં ટી.પી. સ્કીમ નંબર :૪ (ઉમરા- સાઉથ) નાં ફાળવેલ પ્લોટ નંબર :૧૧૧ થી નોંધાયેલી જમીન પૈકી સબ પ્લોટ નંબર : ૩ ની સુમારે ૧૨૫.૭૦ ચો. મી. જમીન ઉપર બાંધવામાં આવેલ ધી સુરત મ્યુનીસીપલ કોર્પોરેશન ઓફીસ એમ્પ્લોઈઝ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી. માં "સિદ્ધાર્થ કોમ્પલેક્ષ" નામથી ઓળખાતી મિલકત પૈકી બ્લોક નંબર : બી - ૧, સ્મુતી બિલ્ડીંગ માં પહેલા માળ પર આવેલ ફ્લેટ નં.૧૦૩ થી નોંધાયેલ મિલકત નાં ધારણ કર્તા શ્રીમતી ચેતનાબેન એ ઝવેરી ને મજકુર સોસાયટીએ શેર સર્ટીફીકેટ નં.૨૦૮ થી શેર સંખ્યા ૫, શેર નં.૧૦૩૬ થી ૧૦૪૦, તારીખ ૦૫/૦૯/૨૦૦૦ ફાળવી આપેલ. મજકુર શ્રીમતી ચેતનાબેન એ ઝવેરીએ તારીખ ૦૩/૦૭/૨૦૨૬ નાં રોજ અરજી કરી સોસાયટીએ ફાળવેલ શેર સર્ટીફીકેટ ખોવાઈ ગયેલ યા ગેરવલ્લે થયેલ હોવાનું જણાવી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈશ્યુ કરવા માંગણી કરેલ છે. આથી તેઓને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ આપવા અંગે કોઈને પણ કોઈપણ જાતનાં વાંધા વિરોધ હોય યા સદર ફ્લેટ / શેર ઉપર કોઈનો ચાર્જ બોજો લીયન વિગેરે હોય તો તે અંગે દિન -૦૭ માં લેખિતમાં પુરાવા સહીત નીચેના સરનામે જાણ કરવી અન્યથા કોઈને વાંધો નથી એમ ગણી ને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈશ્યુ કરવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી તેની લાગતાં વળગતા એ નોંધ લેવી.

(તા.૧૧-૦૭-૨૦૨૬)
સીટી લાઈટ રોડ, સુરત : ૩૯૫૦૦૭

સેકેટરીશ્રી
ધી સુરત મ્યુનીસીપલ કોર્પોરેશન ઓફીસ એમ્પ્લોઈઝ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીક્ટ નવસારી, સબ- ડીસ્ટ્રીક્ટ જલાલપોરના મોજે ગામ- પોંસરા ના જુનો બ્લોક/સર્વે નબર : ૨૧૭, રી-સર્વેબાદ નવો બ્લોક/ સર્વે નંબર : ૨૮૬ કે જેનું ક્ષેત્રફળ સુમારે હે. ૦-૧૪ આરે - ૨૮ ચો.મી. કે જેનો આકાર રૂ.૪.૭૫ પૈસા, ખાતા નંબર : ૧૭૭૪ છે તે ખેતીની જુની શરતની જમીન તેના માલીક ભરતભાઈ ઈશ્વરભાઈ વશી નાઓની સ્વતંત્ર, માલીકી કબજા, ભોગવટા હેઠળની ચાલી આવેલ છે. સદરહુ જમીનમાં હમો ભાવેશકુમાર અરવિંદકુમાર દેસાઈનાઓનો કોઈ હક્ક, હિસ્સો કે કબજો, ભોગવટો ચાલી આવેલ નથી કે હમો ભાવેશકુમાર અરવિંદકુમાર દેસાઈ કે હમોના વંશ, વાલી, વારસો સદરહુ જમીનના કબજા બાબતે કે હક્ક, હિસ્સા બાબતે ભવિષ્યમાં કોઈપણ જાતનો વાંધા વિરોધ કે તર-તકરાર કે હક્ક દાવા કરશું કરાવીશું નહીં. તેમજ સદરહુ જમીનના માલીક ભરતભાઈ ઈશ્વરભાઈ વશી ભવિષ્યમાં સદરહુ જમીન કોઈને કોઈપણ રીતે વેચાણ, બક્ષીસ, રીલીઝ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરે કરાવે ત્યારે પણ હમો ભાવેશકુમાર અરવિંદકુમાર દેસાઇ કે હમોના વંશ, વાલી, વારસોએ સદરહુ જમીનના કબજા કે હક્ક હિસ્સા બાબતે કોઈપણ જાતનો વાંધા વિરોધ કે તર-તકરાર કે હક્ક દાવા કરશું કરાવીશું નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ : એફ-૯-૧૦, સુધન કોમ્પલેક્ષ, ધનપાલ ફ્લેટસની સામે, અલથાણ રોડ, સુરત
મો.નં. ૭૪૨૬૮ ૮૮૧૮૮

હિતેશ જે. પટેલ (એડવોકેટ એન્ડ નોટરી)
અમર બી. જરીવાલા (એડવોકેટ)
તે ખરીદનારના એડવોકેટ્સ

મોજે ગામ : દીહેણ નાં બ્લોક નંબરઃ ૧૦૬૦ વાળી જમીન વેચાણ અંગે ટાઈટલ ક્લીયરની જાહેર નોટીસ

આથી લાગતા–વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકેઃ ઓલપાડનાં મોજે : **દીહેણનાં ખાતા નંબર : ૧૦૫૬**, જેનો રે. સર્વે નં.: ૭૧૪/૨, **બ્લોક નંબર : ૧૦૬૦** વાળી ખેડખાતાની જુની શરતની ટાઈટલ ક્લીયર ખેતીની જમીન, જેનું કુલ સુમારે **ક્ષેત્રફળ હે.આરે. ૦–૧૬–૧૯ ચો.મી.** ખેતીની જમીન, જેનો આકાર ગ્રા.૩–૦૦ પૈસાવાળી જુની શરતની ખેતીની પિયત જમીન (૧) **જયાબેન નારણભાઈ (૨) બાબુભાઈ નારણભાઈ** ની કુટુંબની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થાની ચાલી આવેલી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ કરવા માંગે છે. સદરહુ જમીન–મીલકતમાં કોઈપણ વ્યકિત, વંશવાલી, વારસદારો, બેંક, સંસ્થાનો કોઈપણ પ્રકારનો વાંધો– વિરોધ, લાગભાગ, કબજા હકક, વેચાણ હકક, માલીકી હકક, હીત, અધીકાર, સબંધ, કે દાવો, બોજો, ધીરાણ, મોર્ગેજ, કરજ, ગીરો હકક, ભાડા હકક, સાટાખત હકક, ઈઝમેન્ટ હકક, વપરાશી હકક, અલાખો કે લીયન હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૭માં લેખીત પુરાવાઓ લઈ મને મળવું. મુદત વિત્યાબાદ કોઈનો કશા પ્રકારનો કાયદેસરનો વાંધો– વિરોધ, તરતકરાર, લાગભાગ, હકક, હીત, અધિકાર નથી, અથવા કબજા હકક, વેચાણ હકક, હીત, અધીકાર રાજીખુશીથી જમીન માલીકની તરફેણમાં જતો(વેવ) કરેલ છે, તેમ માની મુળ જમીન માલીકને નકકી કરેલ પુરેપુરો વેચાણ અવેજ ચુકવણી કરીને, સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલનાં નામે કરી–કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર/તકરાર, વાંધો–વિરોધ, દાવા–દુવી ચાલશે નહી. જેની સ્પષ્ટ નોધ લેવી. ઉપર મુજબની મીલકતનાં વેચાણ બાબતની જાહેર નોટીસ અમારી સુચના અને સંમતિથી તથા માલીકની ફરમાઈશથી આપવામાં આવેલ છે. ઉપર જણાવેલી તમામ હકીકતો અમારા જણાવ્યા મુજબ સાચી અને ખરી છે.

ઓફિસઃ ૩૩૭, એ.આર.મોલ, મોટા વરાછા, વરાછા, સુરત.
મો. ૯૪૨૯૮ ૩૫૬૨૨

ડેનીશા વી. ભડીયાદ્રા તે ખરીદનારના એડવોકેટ

જાહેર નિવિદા નં. - ૦૮/૨૦૨૬-૨૭

આથી રસ ધરાવતી સંસ્થા/ઇજારદાર/વ્યકિતઓને જણાવવાનું કે, કેવડીયા વિભાગના વિસ્તારમાં વિવિધ જાતના રોપા સપ્લાય કરવાની કામગીરીઓ માટેના ભાવો મંગાવવામાં આવે છે. આથી રસ ધરાવતી સંસ્થા/ઇજારદાર/ વ્યકિઓએ (n) Procure (www.nprocure.com) સાઇટ પર જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૨૧ માં તેમનો ભાવો ઓન લાઇન આપવા વિનંતી છે.

આ વિભાગ દ્વારા નક્કી થયેલ શરતો મુજબ કામગીરી કરવાની રહેશે.

નાયબ વન સંરક્ષક
કેવડીયા
SoUADTGA, એકતાનગર

સ્થળ:- એકતાનગર
માહિતી/નર્મદા/૧૪૫/૨૦૨૬-૨૭

જાહેર નિવિદા નં.- ૦૯/૨૦૨૬-૨૭

**આથી રસ ધરાવતી સંસ્થા/ઇજારદાર/વ્યકિતઓને જણાવવાનું કે, કેવડીયા વન વિભાગમાં "Rate Invite Tender for O&M at Pal